બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# ઈસુ અને જાખી



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

અનુકૂલન : Ruth Klassen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.



એક દિવસે ઈસુ યરેખો
થઈને જઈ રહ્યાં હતાં.
આ શહેર ઘણા
વર્ષો પહેલા
યહોશુઆના
સમયમાં નાશ પામ્યું
હતું. પણ હવે આ
નગરને ફરી બાંધવામા
આવ્યુ હતું.



# યરોખોમાં

ઘણા લોકોને તે માણસ ગમતો ન હતો. કારણ કે તે લોકો પાસે કરના નાણા ઉઘરાવતો હતો. જાખી અમૂક પૈસા સરકારને મોકલતો હતો જ્યારે થોડા પોતાની પાસે રાખતો હતો.

કર ઉઘરાવનાર હોવાથી (દાણી) તે હવે ઘણો પૈસાદાર બની ગયો હતો. તે જગ્યામાં તેનું ઘર સૌથી વધુ મોટું અને સારું પણ
હોઈ શકે.



તે ઠીંગણો હતો-પણ
પૈસામાં નહી- ફક્ત
કદમાં જ. તે બીજા
વ્યક્તિઓ જેટલો ઉંચો
થઈ શક્યો ન હતો.





જ્યારે જાખીએ સાંભળ્યું કે ઈસુ યરોખોમાં છે ત્યારે
આ ઠીંગણા દાણીને ઈસુને જોવાની ઉત્કંઠા થઈ આવી
કે જે ઈસુ ઈશ્વરપુત્ર હોવાનો દાવો કરતો હતો.



પણ લોકોનું ટોળું ખૂબ જ ઊંચુ
હતું... લોકો પણ ઊંચા હતાં.



જાખીને એક વિચાર આવ્યો.
જો તે લોકોની આગળ
પહોંચી જાય અને એક ઝાડ
પર ચઢી જઈને લટકીને
ઈસુને જોઈ શકે તેમ છે.


ત્યાં એક ગુલ્લરનું ઝાડ
હતું. તેની પર જાખી
ચઢી ગયો અને તેની
ડાળી પર એક જગ્યાપર
બેસી ગયો. તે ત્યાંથી
ઈસુની આવવાની
વાટ જોવા
લાગ્યો.



“હા હવે મને બરાબર
દેખાય છે.” તેણે મનમાં
કહ્યું હશે. “હું તેને
જોઈશ પણ તે મને
જોશે નહીં.”

“જાખી નીચે ઉતરી આવ”
આ કર ઉઘરાવનાર તેના
કાને પડેલાં શબ્દો પર
વિશ્વાસ કરી શક્યો નહીં.
ઈસુ ઝાડની નીચે
ઉભા હતા. ઈસુ
તેની સામે જોઈ
રહ્યાં હતાં. ઈસુ
તેને બોલાવી
રહ્યાં હતાં.





જાખીને આશ્ચર્ય લાગ્યું કે ઈસુ તેને બોલાવી રહ્યાં હતાં. જ્યારે ઈસુએ તેને કહ્યું કે, “આજે હું તારા ઘરે આવવાનો છું.”



ત્યારે તે વધુ છક થઈ
ગયો હશે. જાખી એટલો
ઝડપથી નીચે ઉતર્યો કે
લગભગ તે
ગબડી પડ્યો.

જાખીને જ્યારે ખબર પડી કે ઈસુ તેના ઘરે આવવાના છે ત્યારે તે રોમાંચક બની ગયો હશે. પણ લોકોને તે ગમ્યું નહીં. તેઓએ ફરીયાદ કરી કે ઈસુએ પાપીના ઘરની મુલાકાત કરવી જોઈએ નહીં.







પ્રભુ ઈસુ જાખીના
માટે તદ્દન નવું
જીવન લઈ આવ્યા.
જાખીએ કહ્યું, "પ્રભુ
હું મારી અર્ધી સંપત્તિ
ગરીબોને આપું છું.
અને જો મેં છેતર્યાં છે
તો હું તેને ચાર ગણું
પાછુ આપીશ."

ઈસુ જાખીના નવા
જીવનથી ખુશ થઈ
ગયા. તે જ્યારે
કોઈપણ વ્યક્તિ
પાપમાંથી પાછા
ફરે છે અને ભલું
કરે છે ત્યારે તે
બાબતને ખૂબજ
પસંદ કરે છે.



ઈસુએ કહ્યું કે
માણસનો દીકરો
ખોવાયેલું શોધવા
તથા તારવા આવ્યો
છે. તે દિવસે
ચરોખોમાં ઈસુએ
જાખીને શોધી
કાઢ્યો.



# ઈસુ અને જાખી

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

લૂક ૧૯

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

# સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬